# કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા અંગે

# સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭-૧૨-૨૦૦૭

વંચાણે લીધાઃ-
(૧) સા.વ.વિભાગનો તા.૧૧-૮-૦૩ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૩-૬૭૨(૧)/ગ.૨
(૨) સા.વ.વિભાગના તા.૨૬-૧૨-૦૫ના જાહેરનામા ક્રમાંકઃજીએસ-૩૯-૨૦૦૫-સીઆરઆર-૧૦૨૦૦૩-૬૭૨( i) પાર્ટ-II -ગ.૨
(૩) સા.વ.વિભાગના તા.૨૦-૭-૦૬ના જાહેરનામા ક્રમાંકઃજીએસ-૩૯-૨૦૦૫- સીઆરઆર-૧૦૨૦૦૩-૬૭૨( i) પાર્ટ-II -ગ.૨
(૪) સા.વ.વિભાગના તા.૩૦-૯-૦૬ના જાહેરનામા ક્રમાંકઃજીએસ--૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક
(૫) સા.વ.વિભાગનો તા.૩૦-૯-૦૬નો ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક
(૬) સા.વ.વિભાગના તા. ૩૦-૪-૦૭ના જાહેરનામા ક્રમાંકઃજીએસ-૨૦૦૭-૦૮-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક
(૭) સા.વ.વિભાગનો તા.૧-૧૦-૦૭નો ઠરાવ ક્રમાંકઃકેપીટી-૧૧૨૦૦૭-૩૦૩૬૨-ક
(૮) સા.વ.વિભાગનો તા.૧૬-૧૦-૦૭નો ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

## પ રિ પ ત્ર :::-

સરકારી સેવાઓ માટે કોમ્પ્યુટરના જ્ઞાનની જોગવાઇઓ રાજ્ય સરકારે વંચાણમાં લીધેલી સૂચનાઓ અનુસાર તબક્કાવાર અમલી બનાવી છે. તેમ છતાં, સમય-સમયની આ સૂચનાઓને કારણે અને તેમાં ઉપલબ્ધ ભિન્ન-ભિન્ન જોગવાઇઓને લીધે **CCC / CCC+** પરીક્ષા, તાલીમ, માન્ય સંસ્થાઓ અને મુક્તિ જેવા પ્રશ્નો અંગે ઘણી સંદીગ્ધતા પ્રવર્તતી જોવા મળે છે. આથી, સરકારની કોમ્પ્યુટર લાયકાતને લગતી જોગવાઇઓની સરળ સમજ માટે નીચે પ્રમાણેની સ્પષ્ટતા કરવામાં આવે છેઃ-

(૧) રાજ્ય સરકારે સીધી ભરતી, બઢતી, પસંદગી કે અન્ય કોઇ રીતે કરાતી નિમણૂંકો માટે કોમ્પ્યુટર લાયકાત ફરજિયાત બનાવી છે.

(૨) વર્ગ-૪ સિવાય સર્વ માટે કોમ્પ્યુટર લાયકાત લાગુ કરેલ છે.

(૩) સીધી ભરતી - પસંદગી કે અન્ય રીતે પ્રથમ નિમણૂક પામતા ઉમેદવારો પાસે પાયાના કોમ્પ્યુટર જ્ઞાનની પૂર્વ જરુરીયાત આવશ્યક ગણાઇ છે. જે માટે **DOEACC** દ્વારા લેવાતી

CCC કે સર્ટિફિકેટ, ડિપ્લોમાં અને ડિગ્રી પદવી સુધીના કોમ્પ્યુટર વિષયવાળા અભ્યાસક્રમો જે માન્ય યુનિવર્સિટી / શૈક્ષણિક તાલીમી સંસ્થા દ્વારા અપાય છે, તે સ્વીકૃત ગણવામાં આવ્યા છે.

(૪) સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત, એક પૂર્વ લાયકાત તરીકે છે. આથી, પસંદગી બાદ સરકારની ખાતાકીય તાલીમના ભાગરૂપે અને/ અથવા અજમાયશના સમય દરમ્યાન સરકારે ઠરાવેલી વર્ગ-૩ માટે **CCC** કે વર્ગ-૨ અને વર્ગ-૧ માટે **CCC+** ની સરકારના પરીક્ષા કેન્દ્ર દ્વારા લેવાતી પરીક્ષા પસાર કરવી ફરજિયાત છે.

(૫) બઢતી કે ઉચ્ચતર પગારધોરણ માટે પણ સરકારી કર્મચારીઓએ **CCC / CCC+** ની યથા જરુરિયાત પરીક્ષા પસાર કરવાની રહે છે. આ માટે તાલીમ ફરજિયાત નથી. તેમ છતાં, સ્પીપા, આઇ.ટી. આઇ.,સરકારી તાલીમી સંસ્થાઓ, આંબેડકર યુનિવર્સિટીનાં પ્રશિક્ષણ કેન્દ્રોમાં આ તાલીમ સરકારી ખર્ચે મેળવી શકાય છે. અલબત્ત, કોઇ પણ કેન્દ્રોમાં મેળવેલી પદવી કે તાલીમ અને પરીક્ષા પાસ કરાઇ હોય તો પણ સરકારના પરીક્ષા કેન્દ્રો લેવાતી **CCC / CCC+** પરીક્ષા પસાર કરવાની રહે છે.

(૬) પ્રથમ તબક્કાની તાલીમ કે પરીક્ષા ખર્ચ સરકાર દ્વારા અપાય છે. એકથી વિશેષ તક માટે કર્મચારીએ સ્વખર્ચે કાર્યવાહી કરવાની રહેશે.

(૭) કર્મચારીઓ માટેની **CCC** કે **CCC+** ની પરીક્ષા બે ભાગમાં છે. જેમાં એક ભાગ ઉત્તીર્ણ થયા બાદ કેવળ બીજા ભાગની પરીક્ષા આપવાની રહે છે, પરંતુ તે માટે કર્મચારીએ સંબંધિત ભાગ પુરતા જાતે નાણા ચૂકવવાના રહેશે.

(૮) **CCC+** ની પરીક્ષા આપનારે **CCC** ની પરીક્ષા આપવાની રહેતી નથી. આમ, સરકારમાં દાખલ થવા માંગતા ઉમેદવાર માટે કેન્દ્ર સરકારના **DOEACC** દ્વારા લેવામાં આવતી **CCC** કે તેની સમકક્ષ પરીક્ષાઓનાં પ્રમાણપત્ર, પસંદગી સમયે જરૂરી છે. જેમાં આંબેડકર યુનિવર્સિટીના પ્રમાણપત્ર સહિત કોમ્પ્યુટરના વિષય સાથેના કોઇપણ માન્ય સર્ટિફિકેટ, ડિપ્લોમા કે પદવી પ્રમાણપત્ર સ્વીકાર્ય છે.

જ્યારે સરકારી સેવામાં દાખલ થયા બાદ ઉક્ત ઉમેદવારે કે હાલના સરકારી કર્મચારીએ બઢતી અને ઉચ્ચતર પગારધોરણ માટે રાજય સરકારના અભ્યાસક્રમ મુજબની **CCC / CCC+** પરીક્ષા સરકારના પરીક્ષા કેન્દ્રો સ્પીપા, આઇ.ટી.આઇ. કે ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહે છે.

આ સ્પષ્ટતાઓ સર્વની સરળ સમજ માટે છે. જે તે જોગવાઇ અંગે સંબંધિત સૂચનાઓ, તેમ છતાં અધિકૃત ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જેએમજોશી

(જે.એમ.જોશી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- માન. મંત્રીશ્રી/ રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ.